CMYK

Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૩૦૨
તા.૧૧-૧૨-૨૦૧૭, સોમવાર
સંવત ૨૦૭૪ માગસર વદ - ૦૮
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૭:૧૧ સૂર્યાસ્ત : ૦૫:૫૫

તાપમાન

| | | | |
|---|---|---|---|
| ડીસા | ૧૭.૪ | વડોદરા | ૧૮.૫ |
| અમદાવાદ | ૧૮.૯ | સુરત | ૨૨.૪ |
| ગાંધીનગર | ૧૮.૦ | નલિયા | ૧૪.૨ |

ચાંદી : ૩૭,૮૦૦ સોનું : ૨૯,૮૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# ગુજરાતના અપમાનનો બદલો મતથી આપો : મોદી

## પાલનપુર ખાતે ચૂંટણી સભાને સંબોધતા મોદી : અવાજ બેસી જતા પ્રવચન નીરસ રહેતા વીસેક મિનિટમાં આટોપી લેવાયું




સંજય જોષી

પાલનપુર

ગુજરાત વિધાનસભા ચૂંટણી જંગના પ્રથમ ચરણનું મતદાન પૂર્ણ થતા હવે બીજા ચરણના ચૂંટણી પ્રચારમાં રાજકીય પક્ષોએ ઝંઝાવતી પ્રચારનો દોર આરંભ્યો છે. જેના ભાગરૂપે આજે બીજી વખત બનાસકાંઠામાં આવેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પાલનપુર ખાતે ચૂંટણી સભા સંબોધી હતી. જેમાં તેઓએ કૉંગ્રેસના મણિશંકર ઐયરએ કરેલા અપમાનનો બદલો લેવા હાકલ કરી હતી.

પાલનપુર ખાતે નિયત સમય કરતા દોઢ કલાક મોડા વડા પ્રધાન મોદી આવ્યા હતા. જ્યાં તેઓએ મણિશંકર ઐયરએ તેમના વિષે કરેલી અપમાનજનક ટિપ્પણીને ગુજરાતનું અપમાન ગણાવી બદલો લેવા હાકલ કરી હતી. મોદીએ પાકિસ્તાનના પૂર્વ આર્મી જનરલે અહમદ પટેલને ગુજરાતના મુખ્યમંત્રી બનાવવા માટે મદદ કરવા જણાવ્યું હોવાનો આક્ષેપ પણ કર્યો હતો. મોદીએ દિલ્હી મુંબઇ કોરિડોરને પગલે પાલનપુર ટ્રાન્સપોર્ટ હબ બનશે

અનુસંધાન પાના નં.૨

### પાલનપુરના ઉમેદવારની અટક ભૂલ્યા મોદી

રાજ્યની ભાજપ સરકાર સામે પાટીદાર અનામત આંદોલનને લઈને મેદાને પડેલા પાટીદાર સમાજે ભાજપને નાકે દમ લાવી દીધો છે. ત્યારે "પટેલ" શબ્દ જાણે હોઠે ચડી ગયો હોય તેમ આજે વડા પ્રધાન મોદીએ પણ ભૂલ કરી હતી. ઉમેદવારોના નામ બોલતા ટાણે મોદીએ પાલનપુરના ઉમેદવાર તરીકે લાલજી પટેલ નો ઉલ્લેખ કર્યો હતો. બાદમાં ભૂલ સુધારી લઈ લાલજી પ્રજાપતિ નામનો ઉલ્લેખ કરતા ઉપસ્થિત લોકોમાં હાસ્યની છોળો ઉડી હતી.

### કચોરીયાને યાદ કરતા મોદી

પાલનપુર ખાતેની ચૂંટણી સભામાં વડાપ્રધાન મોદીએ પાલનપુરના પૂર્વ ધારાસભ્ય કાંતિ કચોરીયાને યાદ કર્યા હતા. તેઓએ જણાવ્યું હતું કે, એક સમયે ભાજપના કર્મઠ કાર્યકર અને લોક નેતા કાંતિલાલ કચોરીયા લોકોને મારો પરિચય આપતા હતા. તેઓએ ડીસાના ઉમેદવાર તરીકે અમારો શશીકાંત પંડ્યા કહી પોતે નામજોગ કાર્યકરોને ઓળખતા હોવાનો પરિચય આપ્યો હતો.

## વાવ બેઠક ઉપર વિકાસ જીતશે : શંકરભાઇ ચૌધરી

### સમગ્ર મત વિસ્તાર કેશરી રંગે રંગાયો

તાલુકા પ્રતિનિધિ વાવ

બીજા તબક્કાની ચૂંટણી પ્રચારના પડઘમ શાંત થવાને હવે માત્ર ૪૮ કલાક જ બાકી રહ્યા છે. ત્યારે અતિ મહત્વની ગણાતી વાવ વિધાનસભા બેઠક ઉપર નાના બાળકથી માંડીને અબાલ વૃદ્ધ સૌ કોઈના મોઢે


વિષ્ણુ પરમાર

''શંકરભાઈ તુમ આગે બઢો હમ તુમ્હારે સાથ હૈ' ના નારા ગુંજી રહ્યા છે. સર્વત્ર વાવ-ભાભર સુઈગામ પંથકમાં વિકાસનો નાદ ગુંજી ઉઠ્યો છે. નર્મદાના નીરથી આ પંથકનો ખેડુત સમૃદ્ધ બની ગયો છે. ત્યારે વાવ- સુઈગામ- ભાભર પંથકે વિકાસની હરણફાળ ભરી છે.

અનુસંધાન પાના નં.૨




CMYK

સૂર્યોદય - ૭.૧૩ સૂર્યાસ્ત - ૫.૫૫

## તિથિદર્શન

માગસર વદ-૯ સોમવાર ૨૦૭૪

| | | |
|---|---|---|
| ૯ શ. | | ૭ ગુ. |
| ૧૦ કે. | ૮ સુ.લ.બુ. શુ. | ૬ મં. |
| ૧૧ | | ૫ |
| ૧૨ | ૨ ચં. | ૪ રા. |
| ૧ | | ૩ |

વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ માગસર વદ :નોમ સોમવાર નક્ષત્ર:ઉ. ફાલ્ગુની સાંજે ૬.૧૦ પછી હસ્ત યોગ :આયુષ્યમાં કરણ :તૈતીલ આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ.ટ.) રાત્રે ૧૧.૪૧ પછી કન્યા (પ.ઠ.ણ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન - સુરેશ પ્રા.ભટ્ટ

### આત્મ જ્ઞાનં સમારંભસ્તિતિક્ષા ધર્મ નિત્યતા યમર્થા નાકર્ષન્તિ સવૈ પંડિત ઉચ્યતે

'જે આત્મજ્ઞાની છે તે સુખ- દુઃખ, માન- અપમાનનાં દ્વંદ્વોથી વિચલિત થતો નથી. જે ધર્મનિષ્ઠ છે તે વિષયો- ઈચ્છા વાસનાઓ આદિથી આકર્ષિત થતો નથી. આવો માણસ જ વિદ્વાન- પંડિત કહેવાય.'

માત્ર પુસ્તકિયું જ્ઞાન, ધરાવનાર વ્યક્તિ સાચા અર્થમાં વિદ્વાન ન કહેવાય. ઘણાંની યાદશક્તિ સારી હોય, શ્લોક- વાતો- માહિતીનો ભંડાર હોય, ઘણી બધી ઉપાધિ- ડિગ્રી- શાસ્ત્રીપદ પણ ધરાવતા હોય છતાંય જો જીવનમાં વિવેક- તાટસ્થ્ય ન આવ્યું હોય તો તે 'વિદ્વાન' નથી.

પંડિત- જ્ઞાની થવા માટે તો માણસનું સર્વતોમુખી વ્યક્તિત્વ એટલે શીલ- સદાચારની પણ ગણતરી થવી જોઈએ. ભણતર- ડિગ્રીને કારણે આવતી ઉદ્દંડતા- અભિમાન સાચા પંડિત થવામાં બાધારૂપ બને છે.

આજકાલના ડિગ્રીધારકો સ્વભાવે ઉદ્દંડ બની જાય છે. સંસ્કાર અને આસપાસની અસર તો થાય છે. વધારામાં ટીવી- વિડીયો- મારફાડ- વિકૃતિ હિંસાવાળી ફિલ્મો- એંગ્રીયંગ મેનની ઈમેજ અથવા કે મોબાઈલના તરંગોની માનસિક તરંગોની માનસિક અસર પણ હોઈ શકે છે.

જે આત્મજ્ઞાની, જીવન હેતુ- ધ્યેયને અનુલક્ષી 'આચરણ' પ્રમાણે જીવન જીવતો હોય. માન- અપમાન, સુખ- દુઃખનાં દ્વંદ્વથી દૂર હોય, તેને જ સાચો પંડિત- વિદ્વાન- જ્ઞાની કહેવાય.

## ડીસા કોલેજમાં રક્તદાન કેમ્પ યોજાયો



ભરત સુંદેશા

ડીસા

ડીસાની ડી.એન.પી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના એનએસએસ વિભાગ અને રેડ રીબીન ક્લબ દ્વારા ડીસાની એચડીએફસી બેન્ક તેમજ ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી ડીસા ના સહયોગથી રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેને કોલેજના નિયામક છગનભાઈ પટેલે દિપ પ્રાગટ્ય ખુલ્યો મુક્યો હતો. કોલેજના આચાર્ય ડો અમૃતભાઈ પટેલ, એન.એસ.એસ.નાં પ્રોગ્રામ ઓફીસર પ્રા.આશાબેન ચૌધરી, રેડ રિબન ઈન્ચાર્જ ડો.ભાનુભાઈ પટેલ, એચડીએફસી બેંકના અધિકારી હિતેશભાઈ અંબાણી, ભણસાલી હોસ્પિટલના ડો. જગદીશભાઈ સોની,ડો. સુથાર સહિત મેડીકલ ટીમ ઉપસ્થિત રહી હતી.રક્તદાન કેમ્પમાં કુલ ૮૩ બોટલ રક્ત એકત્ર કરાયું હતું. કેમ્પને સફળ બનાવવા એન.એસ.એસ.ના સ્વયંસેવક મનોજ પરમાર.આવિનાશ ચૌધરી, પ્રકાશ પરમાર અને સાક્ષી બેન ત્રિવેદીએ જહેમત ઉઠાવી હતી.

## આજનો દિન મહાન - યશવંત કડીકર

હિન્દી સાહિત્યમાં ખડી બોલીના પ્રયોજક રીતિવાદી અને રાષ્ટ્રકવિ સ્વ.મૈથિલીશરણ ગુપ્તજીની પુણ્યતિથિ છે. એમનો જન્મ તા. ૩-૮-૧૮૮૬ના રોજ ઝાંસી જિલ્લાના ચિરગાંવમાં થયો હતો. મૈથિલીશરણજીની સૌ પ્રથમ કાવ્યકૃતિ 'રંગ મે ભંગ' ૧૯૦૯માં પ્રકાશિત થઈ, જે આખ્યાન કાવ્યપ્રકારની છે. ૭૬ વર્ષના આયુષ્યમાં તેમની મૌલિક અને અનુદિત કૃતિઓની સંખ્યા લગભગ ૫૦ જેટલી છે. તેમને 'મંગલાપ્રસાદ પારિતોષિક' મળ્યું હતું તેમજ ભારત સરકારે 'પદ્મભૂષણ' ની ઉપાધિથી તેમનું સન્માન કર્યું.

આધુનિક હિન્દી કવિતામાં પાયાનું કામ કરનાર આ મહાન કવિનું તા.૧૧-૧૨-૧૯૬૪ ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**

માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪

મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા

અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,

પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.

## આપનું અઠવાડિયું કેવું જશે ?

**મેષ**

પારિવારીક મદદથી અગત્યના કાર્યમાં સફળતા મળેવી શકશો. જીવનસાથી પ્રત્યે વિશેષ લગાવ રહે. સામાજિક કાર્યમાં સફળતા મળે. અકારણ વિવાદથી દૂર રહેવું. મન પ્રફુલ્લિત રહે. નવિન આનંદદાયક સમાચાર મળે. શત્રુ વર્ગ નિર્બળ બને. જો કોઇ સમસ્યા હોય તો તેનું સમાધાન થાયે તેવો સમય છે. આરોગ્ય અંગે સાવચેતી રાખવા જેવો સમય છે. આ સમય દરમિયાન મુસાફરી ટાળવી હિતાવહ.

**વૃષભ**

મનની મુરાદ પૂરી થાય. અતિ મહત્વના કાર્યમાં સફળતા મેળવી શકશો. ધીરજપૂર્વક આગળ વધવાથી સફળતા પ્રાપ્ત કરી શકશો. પ્રવાસ ઉત્સાહસભર પૂર્ણ કરી શકશો. ભાવાત્મક પીડા અનુભવાય. સંપત્તિને લગતા કાર્યોમાં ઉત્તરોત્તર પ્રગતિ કરી શકશો. માનસિક તનાવમાંથી મૂક્તિ મળે. અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. કલા-સાહિત્ય ક્ષેત્રે વિશેષ લગાવ રહે. મનની મીઠી મૂંઝવણ દૂર કરી શકશો.

**મિથુન**

આ સમય દરમિયાન તંદુરસ્તી બાબતે ખાસ સાવચેત રહેવું. નાણાંકીય રોકાણકારોએ પ્રતિકૂળ સમય હોઇ શક્ય હોય તેટલું રોકાણ ટાળવું. ભાઇ-બહેનના સહકારથી કાર્ય સફળતાથી પાર પાડી શકશો. જો કે, દામ્પત્ય જીવનમાં મતભેદ રહે. આર્થિક સમસ્યા હળવી થશે. અટકી પડેલા કાર્યો પૂર્ણ કરી શકશો. નોકરીયાત વર્ગને આકસ્મીક લાભ થાય. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં રૂકાવટ આવે. અકસ્માતથી સંભાળવું.

**કર્ક**

આ સપ્તાહ દરમિયાન સંતાન સંબંધિ ચિંતા રહે. પારિવારીક સમસ્યા પ્રબળ બને. હરિફવર્ગને પીછેહટ કરવી પડે. જૂના સંબંધિઓની મદદ મળે. મહત્વનાના નિર્ણયો આ સપ્તાહ દરમિયાન મોકુફ રાખવા હિતાવહ. યશ, માન, પ્રતિષ્ઠામાં વધારો થાય. વ્યાપાર-ધંધામાં વૃધ્ધિ થશે. આવક સંબંધિ નવા માર્ગો ખૂલ્લે. મનની મૂંઝવણ દૂર કરી શકશો. નાનો આકસ્મીક આર્થિક ખર્ચનો પ્રસંગ બને. યાત્રા-પ્રવાસ ટાળવો હિતાવહ.

**સિંહ**

આ સપ્તાહ દરમિયાન થોડી આર્થિક મૂંઝવણ અનુભવાય. નોકરીયાત વર્ગ માટે બઢતી-બદલીના યોગ સર્જાય. વ્યાપારી વર્ગ માટે મધ્યમ સમય. હિતશત્રુઓથી સાવચેતી રાખવી હિતાવહ. માંગલિક કાર્ય માટે આયોજન થાય. આરોગ્ય બાબતે આ સપ્તાહે ખાસ ચિંતા જેવું નથી. તમે કરેલું આયોજન ગુપ્તતાપૂર્વક પરા પાડવાથી સફળતા પ્રાપ્ત કરી શકશો. કાર્યબોજમાં વધારો જોવા મળે. જો કે, તેનું શુભ ફળ પણ મેળવી શકશો.

**કન્યા**

વિદ્યાર્થીઓ માટે આ સપ્તાહ શુભ ફળદાયી નીવડે. અટકી પડેલા કાર્યમાં મંદગતિ રહે. સંતાન વર્ગ બાબતની ચિંતા રહે. અકારણ મનમાં ચિંતા અનુભવાય. મુસાફરીનું આકસ્મીક આયોજન નકારી ન શકાય. મિત્રો-સ્નેહિજનો સાથે સારો લાભ પ્રાપ્ત કરી શકશો. પારિવારીક કાર્યમાં સફળતા મળે તેમજ યશ, વૃધ્ધિ પણ થાય.

**તુલા**

સપ્તાહની શરૂઆતમાં નાણાંકિય તંગી અનુભવાય. આકસ્મીક ખર્ચના ભોગ બનવું પડે. વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું નહિંતર પીછેહટ કરવાનો વખત આવે. બૌધિક કાર્યમાં અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. રાજકીય બાબતોને લગતા કાર્યમાં સાવચેતી રાખવી. હિતશત્રુઓ સ્વમાન ભંગ માટે પ્રયત્નશીલ બને પરંતુ દાળ ગળે નહિં.

**વૃશ્ચિક**

આ સપ્તાહ દરમિયાન નવી ઓળખાણો લાભદાયી નીવડે તેમજ જૂની ઓળખાણો પણ સફળતા માટે મદદરૂપ નીવડે. વડીલ વર્ગ સાથે મનદુઃખ ઊભું થાય પણ પાછળથી સુલેહ થઇ જાય. અધિકારી વર્ગ સાથે ચકમક ઝરે. જોખમી કાર્યો ટાળવા હિતાવહ. નાણાંકીય લાભ મેળવી શકશો. આકસ્મીક ધન લાભ થાય. પ્રિયજન સાથે વિશેષ લગાવ રહે. વાણી સંયમ જાળવવો હિતાવહ.

**ધન**

આ સપ્તાહ દરમિયાન સામાજિક કાર્યમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. માનસિક મૂંઝવણ દૂર કરી શકશો. સંતાન સંબંધિ ચિંતા દૂર થાય. મનની પ્રસન્નતામાં વધારો થાય. માંગલિક કાર્યો અંગે ગોઠવણ થાય. દોડા-દોડીમાં ઘટાડો થાય. ક્રોધ ઉપર કાબુ રાખવો. નવી મોજ શોખની વસ્તુની ખરીદી નકારી ન શકાય. અલબત્ત ખાવા-પીવા અને આનંદ-પ્રમોદ પાછળ નાણું વપરાય તેવા યોગ છે. આકસ્મીક પ્રવાસનું આયોજન થાય.

**મકર**

આ સપ્તાહ જરા સંઘર્ષસભર વ્યતિત થાય. ખાસ તો કાર્યબોજ વિશેષ રહે જેથી માનસિક ટેન્શન અને અકારણ ક્રોધના ભોગ ન બની જવાય તે માટે ખાસ સાવચેતી રાખવી નહિંતર પાછળથી પસ્તાવવાનો વખત આવે. આત્મવિશ્વાસ અને પુરૂષાર્થથી આ સમય દરમિયાન પ્રગતિ કરી શકશો. પડવા-વાગવાથી સંભાળવું. પરોપકારને લગતા કાર્યો ટાળવા નહિંતર પીડા વેઠવી પડે. ગુપ્ત ષડયંત્રના ભોગ ન બનો તેની ખાસ તકેદારી રાખવી.

**કુંભ**

આ સમય તમારા માટે મધ્યમ અને મિશ્ર ફળદાયી નીવડે. નવિન મકાન, વાહન આદિની ખરીદીના યોગ છે. રચનાત્મક કાર્યમાં રૂચિ વધે. આપત્તિ ટળે. અધ્યાત્મિક અભિરૂચિમાં વધારો થાય. આમોદ પ્રમોદમાં અધિક્તા રહે. લગન અને મહેનતથી અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. નવિન ઓળખાણ લાભદાયી નીવડે. નવિન ખરીદી થાય. કોર્ટ-કચેરીને લગતા કાર્યો વિલંબમાં પડે. ગૃહજીવનમાં આનંદ રહે.

**મીન**

કાર્યની અધિક્તાને કારણે અત્યંત વ્યસ્ત રહેવાય. શત્રુપક્ષ પ્રબળ બને. અગત્યના કાર્યમાં રૂકાવટ આવે. અકારણ ગુસ્સો રહે. ધાર્મિક કાર્યમાં ધન વપરાય. જમીન સંબંધિત કાર્યમાં સફળતા મેળવી શકશો. કોઇ ગેરસમજનો ભોગ ન બની જવાય તેની સાવચેતી રાખવી. પ્રવાસ-મુસાફરીમાં સફળતા મળે. ભાગીદારી વર્ગ સાથે મનદુઃખ રહે. સાહસિક કાર્યમાં સફળતા મળે.

## પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કાલેડા અને.એસ.એસ. સેવા યોજના અંતર્ગત 'વ્યસન મુક્તિ' કાર્યક્રમ યોજાયો



પ્રતિ. સીસરાણા

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કાલેડા અને એન.એસ. એસ.સેવા યોજના સીસરાણા મા.ઉ.મા શાળા તા. વડગામ ખાતે વ્યસન મુક્તિ કાર્યક્રમ યોજવામાં આવ્યો. મહેમાનોનું સ્વાગત ફૂલછડી દ્વારા કરવામાં આવ્યું. શાળાના આચાર્ય પી.બી.ચંડિસાએ શાબ્દિક સ્વાગત પ્રવચન અને વ્યસનોનું દૂષણ છોડવા અંગે માર્ગદર્શન આપ્યું. આ પ્રસંગ કેળવણી મંડળના પ્રમુખ વિરસંગભાઈ પટેલ, એમ.એ. ડોડિયા. બી.આઈ.સી.ઓ વડગામ, ર્ડા. આરતીબેન દરજી એમ.ઓ. કાલેડા, પી.એચ.સી., જે.ડી. પરમાર ઈન્ચાર્જ સુપરવાઈઝર કાલેડા, એમ.જે. સોલંકી, મુકેશભાઈ પરમાર વગેરે હાજર રહેલ હતા. એમ.એ.ડોડિયાએ પ્રોજેકટર દ્વારા પ્રેઝન્ટેશન થકી વ્યસન મુક્તિ અંગેની વિશદ સમજ આપી.

આ પ્રસંગે વકતૃત્વ સ્પર્ધા જેમાં રાજપૂત કિસ્મતબેન પ્રથમક્રમે,ચિત્ર સ્પર્ધામાં ચાવડા વાહિદખાન અને નિબંધ લેખન સ્પર્ધામાં પરમાર તેજલબેન પ્રથમક્રમે આવેલ હતા. સ્પર્ધકોને પ્રથમ ત્રણને આરોગ્ય વિભાગ દ્વારા રોકડ અને ભાગ લેનાર તમામને બોલપેનનું વિતરણ કરવામાં આવેલ હતું સમગ્ર કાર્યક્રમનું સંચાલન સુભાષભાઈ વ્યાસે કરેલ હતું.

### રાજસ્થાન ભાજપના અગ્રણી અને

## થરાદ વિધાનસભા બેઠકના પ્રભારીનો ઝંઝાવાતી પ્રવાસ

### સમગ્ર થરાદ તાલુકામાં ભાજપનો ભગવો લહેરાયો



નરસિંહ પ્રજાપતિ

પ્રતિ. ગેળા

થરાદ વિધાનસભા બેઠક ઉપર પુનરાવર્તન થાય એવા આશયથી હાઈકમાન્ડ લોકપ્રિય એવા પરબતભાઈ પટેલને ભાજપ તરફી ઉમેદવાર જાહેર કર્યા છે ત્યારે સામે પક્ષે કોંગ્રેસ પણ મજબુત ઉમેદવાર મુક્યા છે.અને મજબુત અપક્ષ પણ મેદાને આવતાં થરાદ બેઠક ઉપર ત્રિપાંખીયો જંગ ખરાખરીનો જામ્યો છે ત્યારે ભાજપ કોઈ કચાશ રાખ્યા વગર મેદાને ઉતર્યું છે.અને વિધાનસભાના પ્રભારી તરીકે રાજસ્થાન સંગઠન દ્વારા રાજસ્થાન ભારતીય જનતા પાર્ટીના બુધ્ધિજીવી સેલના પ્રદેશ પ્રમુખ કમલેશભાઈ દવેને બનાવ્યા છે ત્યારે છેલ્લા એક સપ્તાહથી થરાદમાં ધામા નાખીને બેઠેલ પ્રભારીએ થરાદ વિધાનસભાની પ્રાથમિક માહિતી મેળવી વિવિધ સમાજના આગેવાનોને બોલાવી ચુંટણીલક્ષી માહિતી મેળવી હતી અને જેમાં જ્યાં કોઈ નારાજગી અથવા મત - મતાંતર હતા તે તાત્કાલિક ધોરણે દૂર કરવા પ્રયત્ન હાથ ધરતાં નાના સમાજોમાં તેનો ફાયદો રહ્યો છે. તેઓ પાર્ટીની બેઠકોમાં પણ ભાગ લઈને યુવાનોને માર્ગદર્શન આપી રહ્યા છે વળી ગામડાઓમાં જઈને પાર્ટીની વિચારધારાને આગળ વધારતાં થરાદ બેઠક ઉપર ભાજપ મજબૂત સ્થિતિમાં આવી ગયો છે. વળી માઈક્રો પ્લાનિંગ દ્વારા એક - એક મતદાર સુધી ભાજપનો સંદેશો પહોચે અને કમળ એજ આપણો ઉમેદવાર એવો પ્રચાર કરતાં સમગ્ર થરાદમાં કમળ અને વિકાસ જોરશોરમાં ચાલી રહ્યો છે. સંગઠનના કુશળ એવા કમલેશભાઈ દવેએ ઘણાબધા ગામડાઓના પણ પ્રવાસ યોજાય બાદ અત્યારે નાની - નાની સમાજોને ભાજપ તરફી મતદાન કરે તેવા પ્રયત્નો અને પ્લાનિંગ કરી રહ્યા છે અને થરાદ બેઠક ઉપર ભાજપ વિજય બને તેવા પ્રયત્નો પુરજોશમાં કરી રહ્યા છે.

તેઓ મારવાડી શ્રીમાળી બ્રાહ્મણ સમાજમાંથી આવતા હોવાથી તેમની સમાજના વોટ પણ ભાજપ તરફી થાય એટલા માટે થરાદ વિધાનસભામાં વસવાટ કરતા શ્રીમાળી મારવાડી બ્રાહ્મણ સમાજની પણ બેઠક બોલાવીને ભાજપ તરફી મતદાન કરવા વિનંતી પણ કરી હતી આ બેઠકમાં ભાજપના ઉમેદવાર પરબતભાઈ પટેલ પણ હાજર રહી સમાજના વડીલોના આર્શીવાદ લીધા હતા.

### ગુજરાતના અપમાનનો ...

પાના નં.૧ ચાલુ

તેવો દાવો કર્યો હતો. મોદીએ પોતાનો અવાજ બેસી ગયો હોવાનું જણાવી વીસેક મિનિટમાં સંબોધન આટોપી લેતા તેમને સાંભળવા આવેલા લોકો નિરાશ થયા હતા. આમ, ગાજયા મેહ વરસ્યા નહીં તે રીતે મોદીનું નિરાશાજનક અને દિશાહીન ભાષણથી ઉત્સાહથી આવેલા લોકોમાં નિરાશાનું મોજું ફરી વળ્યું હતું.

બનાસકાંઠા કૉંગ્રેસનો ગઢ રહ્યો છે. ૨૦૧૨ માં પણ મોદી મેજીક વચ્ચે કૉંગ્રેસે ૯ માંથી ૬ બેઠકો મેળવી હતી. ત્યારે આ વખતે વ્યાજ સહિત બદલો લઇ નવે નવ સીટો પર કમળ ખીલવવા મોદીએ અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે સી.એમ. વિજય રૂપાણીએ પણ પૂર્વ વડા પ્રધાન મનમોહનસિંહને મૌનીબાબા ગણાવી કૉંગ્રેસ પર આકરા પ્રહાર કર્યા હતા. આ સભામાં બનાસકાંઠાની ૫ સીટ પરના ભાજપના ઉમેદવાર લાલજી પ્રજાપતિ (પાલનપુર), ડીસાના શશી કાંત પંડ્યા, દાંતાના માલજી કોદરવી, વડગામના વિજય ચક્રવર્તી અને ધાનેરાના માવજી દેસાઈ અને કેન્દ્રીય મંત્રી હરિભાઈ ચૌધરી સહિત પ્રદેશ અને જિલ્લાના હોદ્દેદારો હાજર રહ્યા હતા.

### વાવ બેઠક ઉપર ...

પાના નં.૧ ચાલુ

જો કે રાજકીય વિશ્લેષકોમાં થતી ચર્ચા અનુસાર ડિસે. ૨૦૧૭ વિધાનસભાની ચૂંટણી પરિણામ બાદ ગુજરાતની ભાજપ સરકારમાં ''શંકરભાઈ ચૌધરી'' ને ઉચ્ચપદ મળી શકે છે. ત્યારબાદ વાવ- ભાભર - સુઈગામ પંથકમાં સોનાનો સુરજ ઉગી જશે. આ પંથકના વિકાસમાં ચાર ચાંદ લાગી જશે. ત્યારે આ સમગ્ર પંથકની જનતા શંકરભાઈ ચૌધરીને નાયબ મુખ્યમંત્રી પદે બેસાડી વાવ પંથક મીની ગાંધીનગર બને તેવી ઈચ્છા વ્યક્ત કરી રહી છે. જો કે, મંત્રી શંકરભાઈ ચૌધરી પણ વિજય બાદ આ પંથકને નંદનવન બનાવી દેશે. હાલની પરિસ્થિતિનું નિરીક્ષણ કરતા વાવ પંથકનો વિકાસ ગ્રાફ બોલે છે. શંકરભાઈની વિકાસની હરણફાળ જોતા ફરી પાછો આ પંથકમાં સર્વત્ર કેશરીયો માહોલ છવાઈ જશે. વાવ બેઠકનું કમળ સૌથી વધુ લીડથી ચૂંટાઈ ગાંધીનગર પહોંચશે. હાલમાં ચૂંટણી યોજાવાની પૂર્વ સંધ્યાએ સમગ્ર વાવ-ભાભર- સુઈગામ પંથકમાં કેશરીયાની ફોઝે પુરજોશમાં ચૂંટણી પ્રચારને આરંભી દીધો છે. ભાજપ પાર્ટીના કાર્યકરોએ એડીચોટીનું જોર લગાવી કમળના નાદને સર્વત્ર ગુંજતો કરી દીધો છે. વધુમાં ગતરોજ સુઈગામ ખાતે યોજાનારી રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની સભાથી કાર્યકરો, મતદારો ગેલમાં આવી ગયા છે. સમગ્ર સરહદ ઉપર કેશરીયા ભાજપનો ભગવો લહેરાઈ ચુક્યો છે. હવે માત્ર ભાજપ માટે જીતની ઔપચારિકતા જ બાકી રહી છે.

### ડીસા શહેર...

અનુસંધાન ૩ નુ ચાલુ..

અમરનાથ કોમ્પલેક્ષથી મંગલ પ્રારંભ થઈ રેલી જલારામ મંદિરથી મુખ્ય બજારોમાં થઈને ડીસાની બજારોના રાજ્યમાર્ગ ઉપર અજબ આકર્ષણ જમાવ્યું હતું. લોકોએ ટોળે ટોળા વળીને યુવાનોના જોમ જુસ્સાને બિરદાવ્યો હતો. અને ભાજપ ઉમેદવાર શશીકાંતભાઈને જંગી બહુતીથી જિતાડવાનો સંકલ્પ પ્રગટ કર્યો હતો. આ બાઈક રેલીને સફળ બનાવવા ડીસા શહેર યુવા ભાજપ, ડીસા તાલુકા યુવા ભાજપના હોદ્દેદારો, યુવાન કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

### વડગામ વિધાનસભાના...

અનુસંધાન ૩ નુ ચાલુ..

મહામંત્રી દશરથજી એમ.ઠાકોર (નળાસર), પ્રદેશ કિસાન મોરચા મહામંત્રી ફલજીભાઈ ચૌધરી (સીસરાણા), જિલ્લા યુવા મોરચા ઉપપ્રમુખ ડી.વી.સોલંકી (એડવોકેટ), પૂર્વ પ્રમુખ એલ.એસ. જુવા (પાંચડા), રાંમજીભાઈ બેરા (ચિત્રોડા), તા.બક્ષીમોરચા પ્રમુખ રમેશભાઈ ડી.વળાગાંઠ (પરખડી), તા.ભાજપ ઉપપ્રમુખ અશ્વિનભાઈ જી.સકસેના ઉપપ્રમુખ જયંતીભાઈ બી.રાવળ (સીસરાણા), પૂર્વપ્રમુખ પ્રેમજીભાઈ જે.ભૂતડીયા (એદરાણા), પૂર્વ સરપંચ લક્ષ્મણભાઈ મહીવાલ (નાનોસણા), સહિત તાલુકા પેનલ બોડીના પદાધિકારીઓ, કારોબારીસભ્યો, યુવા મોરચાની ટીમ સહિત તમામ સમિતીઓના અગ્રણીઓ - કાર્યકરો વગેરે લોક સંપર્ક કાર્યક્રમમાં જોડાયા હતા.

### ખીમાણામાં ભાજપ...

અનુસંધાન ૩ નુ ચાલુ..

ઠક્કર જીતુભાઈ, મોદી પુંજાભાઈ, પંચાલ બચુભાઈ વગેરે મોટી સંખ્યામાં ગામ લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં ખીમાણા ગામના દરેક સમાજે ભાજપના ઉમેદવાર કિર્તિસિંહ વાઘેલાને સમર્થન આપ્યુ હતું. અંતે આભારવિધિ પરમાર મઘાજીએ કરી હતી.

### કોંગ્રેસે દલિતોને ...

અનુસંધાન ૪ નુ ચાલુ..

કે, આઝાદી બાદ ૬૦ વર્ષો સુધી કોંગ્રેસે દલિતોને માત્ર વોટબેંક તરીકે જ રાખ્યા હતા. મોટાભાગના ગામોમાં દલિતો પ્રત્યે છૂત-અછૂત વહેવાર રખાતો હતો પરંતુ ભાજપ સરકાર સત્તામાં આવ્યા બાદ દલિતો સમાજના મુખ્ય પ્રવાહમાં ભળયા છે. ભાજપે દલિતો માટે અનેક કલ્યાણકારી યોજનાઓ પણ અમલમાં મૂકેલી છે. જેથી ધાનેરા ભાજપના ઉમેદવાર માવજીભાઈ દેસાઈ ને દલિત સમાજના તમામ લોકો મત આપી સરકાર નું ઋણ અદા કરે. મહંતના મોટી સંખ્યામાં લોકોએ આશિર્વાદલીધા હતા તેમજ સમાજના તમામ લોકોએ માવજીભાઈ દેસાઈ ને જંગી બહુમતીથી વિજય બનાવવા રણટંકાર કર્યો હતો.

### દાંતા બેઠકના ...

પાના નં.૫ ચાલુ

તેઓએઆ વખતે કોંગ્રેસની સરકાર બનશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો. ધારાસભ્ય કાન્તિભાઈ ખરાડી સાથે દાંતા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ જાકીરભાઈ અથાણીયા, કોંગી આગેવાન વીરૂસિહ દિયોલ, ફુલસિંહ આંબળા, પીઢ અગ્રણી નુરભાઈ ઉમતીયા, હાજી આદમભાઈ વગદીયા, સોહરાબખાન પઠાણ, મણાજી ઠાકોર, તલકાભાઈ ગમાર સહિતના આગેવાનો અને કાર્યકરો જોડાયા હતા. આ પ્રચાર પ્રવાસ દરમિયાન કાન્તિભાઈ ખરાડીએ આ વખતે તેમની તરફેણમાં જંગી મતદાન કરી વિજય બનાવવા અને રાજયમાં કોંગ્રેસની સરક બનાવવા માટે કોંગ્રેસનો હાથ મજબુત કરવાની હાકલ કરી ભાજપની વર્તમાન સરકાર સામે આકારા પ્રહારો કર્યા હતા.

### કોંગ્રેસની સરકાર ...

પાના નં.૫ ચાલુ

દીઓદર તાલુકા કોંગ્રેસના પ્રમુખ નરસિંહભાઈ દેસાઈ,દીઓદર તાલુકા કેળવણી મંડળના પ્રમુખ પ્રવિણસિંહજી વાઘેલા,દીઓદર તાલુકા સંઘના પૂર્વ ચેરમેન માલજીભાઈ દેસાઈ,દીઓદર તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ ભારતીબેન જે.ચૌધરી,દીઓદરના પૂર્વ ધારાસભ્ય અનીલભાઈ માળી,કોંગ્રેસ અગ્રણી જબ્બરસિંહ વાઘેલા,તા.પં.સદસ્ય મગનભાઈ પરમાર,તા.પં.સદસ્ય સેવંતીભાઈ ઠક્કર,ઈશ્વરભાઈ સુથાર,જી.પં.પૂર્વ સદસ્ય હીરાભાઈ પી.રાજપૂત,મહેશભાઈ દવે,શ્રવણભાઈ દવે,રત્નાભાઈ દેસાઈ,કનુભાઈ પઢીયાર,રૂગનાથભાઈ જોષી,જગમાલભાઈ એસ.પટેલ,લાખણી તાલુકા કોંગ્રેસ પ્રમુખ ધુડાભાઈ પટેલ,કચ્છ જીલ્લા કોંગ્રેસ પ્રભારી ભલજીભાઈ રાજપૂત ,બાબરાભાઈ ગુડેલ,તા.પં.સદસ્ય કાળુભાઈ પટેલ,કરસનભાઈ દેસાઈ, પરાગભાઈ આર.પટેલ,રમેશભાઈ બી.પટેલ,દાઉદભાઈ મેમણ,ગોદા બા,દી.તા.યુથ કોંગ્રેસ પ્રમુખ સુરેશભાઈ ગળશોર, ભુપતભાઈ સોની,ઉમેદભાઈ પટેલ,ભલજીભાઈ વાઘેલા (લવાણા),માલાભાઈ પટેલ (રૈયા),નાનજીભાઈ પટેલ,રાજાભાઈ પટેલ,દી.તા.યુથ કોંગ્રેસ પૂર્વ પ્રમુખ ડાયાભાઈ બી.પટેલ,મફાભાઈ પટેલ,ભાવનાબેન ઠાકોર,રાહુલ રાઠોડ સહીત કોંગ્રેસના પ્રદેશ તેમજ જીલ્લાના આગેવાનો અગ્રણીઓ,કાર્યકરો,યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

### ચાણસ્મા બેઠક...

પાના નં.૮ ચાલુ

અને બિસમાર રસ્તાઓના કારણે લોકોની હાલત કફોડી બની છે,પીવાનું પાણી તો ક્યારેક ૧૦-૧૦ દિવસે મળતું હોવાની પણ લોકફરિયાદો ઉઠવા પામી છે,જો કે ચૂંટણી આવતા મંત્રી દિલીપજી ઠાકોરને ભાન થયું હોય તેમ કામે લાગ્યા હોય તેવું જણાતું હતું.આ ઉપરાંત સમગ્ર વિધાનસભા વિસ્તારની વાત કરીએ તો રાજયના મંત્રી આ વિસ્તારના હોવા છતાંય અનેક સમસ્યાઓથી લોકો પીડાતા રહ્યા છે,સિંચાઇનું પાણી છેવાડાના ખેડૂત સુધી પહોંચ્યું નથી,પછાત ગણાતા આ વિસ્તારની વિકરાળ સમસ્યા રોજગારની છે, રોજગાર આપવામાં ગુજરાત સરકાર અને આ વિસ્તારના મંત્રી સદંતર નિષ્ફળ ગયા છે,શિક્ષણ બાબતે પણ આ વિસ્તાર હજુ પછાતનો પછાત જ રહ્યો છે,શિક્ષણ માટે કોઈ જ સારી સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી નથી.સરકારી દવાખાનાની હાલત પણ બદતર છે, ના તો પૂરતો સ્ટાફ છે કે ના કોઈ સુવિધા છે.જેના કારણે ભાજપથી લોકોમાં જબરજસ્ત નારાજગી જણાઈ રહી છે,જેના કારણે લોકો ભાજપથી વિમુખ થઈ જાય તો નવાઈ નહિ લાગે બીજી બાજુ વિધાનસભાની ચૂંટણીમાં ચાણસ્મા બેઠક ઉપરથી ભાજપના મંત્રીની સામે પ્રદેશ કોંગ્રેસના મંત્રી રઘુભાઈ દેસાઈએ ઉમેદવારી નોંધાવી હોવાથી લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળે છે,કારણકે રઘુભાઈ દેસાઈ ઈમાનદાર અને લોકોપયોગી નેતૃત્વ પૂરું પડી શકે તેવી ક્ષમતા ધરાવે છે,આ વિસ્તાર માટે નવા છે પરંતુ દરેક સમાજને સાથે રાખીને ચાલે તેવા છે,તેમણે ઉમેદવારી નોંધાવ્યા બાદ ટૂંક જ સમયમાં સમગ્ર વિસ્તારનો પ્રવાસ કરીને લોકો સાથે સીધો સંવાદ કરીને સારી એવી લોકચાહના મેળવી છે,હારીજ ખાતે તેમના કાર્યાલય ખાતે ઠાકોર સમાજ,નાડોદા સમાજ,દલિત સમાજ સહીત અન્ય સમાજોના સંમેલનો બોલાવીને તમામ સમાજને સાથે રાખવાની પોતાની નેમ જાહેર કરી છે,અને દરેક સમાજ તરફથી તેમને આવકાર પણ સારો મળ્યો છે,પાટીદાર સમાજ દ્વારા પણ તેમને જબરજસ્ત આવકાર મળ્યો છે,આજે ઠાકોર, પાટીદાર, રબારી, દલિત, મુસ્લિમ, નાડોદા-રાજપૂત,પ્રજાપતિ,રાવળ સહીત નાના-નાના તમામ સમાજોમાંથી તેમને આવકાર મળી રહ્યો છે,ખુબ જ ટૂંકા ગાળામાં તેમને સારી એવી લોકચાહના મેળવી લીધી છે,જે દર્શાવે છે કે તેઓ જો આ બેઠક ઉપરથી ચૂંટાશે તો લોકોના કામો પ્રત્યે જરાય નિષ્ક્રિય નહિ રહે.

### ભાજપ- કોંગ્રેસની...

પાના નં.૮ ચાલુ

જેનાથી કંટાળીને ખેડુતો સહિત પ્રજાના પ્રશ્નો ઉકેલવાના એકમાત્ર આશયથી અપક્ષમાં ચૂંટણી લડુ છું. ભાજપે પણ બહુમતિ સમાજની ઉપેક્ષા કરી છે. જેથી ભાજપ અને કોંગ્રેસના ગંદા રાજકારણથી લોકોને ઉબકા આવવા લાગ્યા છે. ત્યારે લોકોનો વિશ્વાસ સાર્થક કરવા ક્યારેય પાછી પાની નહીં કરું અને પ્રજા જ મારી હાઈકમાન્ડ રહેશે. તેમ જણાવી સહકારની અપીલ કરી હતી. તેમની સાથે તમામ સમાજના આગેવાનોએ પણ ઉપસ્થિત રહી તેમને મત આપવા આમ પ્રજાને હાકલ કરી હતી.

### વાવ બેઠક ઉપર...

પાના નં.૮ ચાલુ

અને કોંગ્રસની છાવણીમાં આનંદનું મોજું છવાઈ ગયુંછે. દિનપ્રતિદિન કોંગ્રેસનો પ્રચાર તીવ્ર વેગ પકડી રહ્યો છે.ત્યારે આજે થરાદ મુકામે કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી થરાદ મુકામે એક વિશાળ સભા યોજી વાવ-થરાદ બંને બેઠકો ઉપર કોંગ્રેસનું પ્રભુત્વ જાણવા માંગે છે. જોકે આજે એક તરફ થરાદ મુકામે કોંગ્રેસના અધ્યક્ષ રાહુલ ગાંધીની જાહેર સભા છે. તો બીજી તરફ સૂઈગામ મુકામે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની સભા છે. તો બંને સભાઓમાં કોની સભામાં વધૂ મતદારોનો ઝોક રહે છે તેનું ઉપરથી ''કોન કિતને પાની મેં'' તેના અનુમાન નક્કી થઈ શકે છે. હાલની પરિસ્થિતિ જોતા વાવ-થરાદ બંને બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવાર અને કાર્યકરોમાં ઉત્સાહ જણાઈ રહ્યો છે.

### દિયોદર કોંગ્રેસના...

પાના નં.૮ ચાલુ

દિયોદર વિધાનસભાના ગામો ગામ જઈ લોક સંપર્ક કરી રહ્યાં છે જયારે જેઓ ગત રોજ દિયોદરના સણાવ મખાણુ મકડાલા રાંટીલા કુવાતા પાલડી ખાણોદર સરદારપુર જાડા જેવા અનેક ગામોમાં ચૂંટણી પ્રચાર અને લોક સંપર્ક કર્યો હતો અને શિવાભાઈ ભુરિયાને ગામો ગામથી ભારે સમર્થન મળ્યું હતું. શિવાભાઈ ભુરિયાએ જણાવ્યું હતું કે જેઓ ચૂંટાઈને આવશે તો હંમેશા લોકોની વચ્ચે રહી લોકોના કામ કરવા માટે તત્પર રહશે વધુમાં જેમણે જણાવ્યું હતું કે લોકો ને કાઈ કામ હોય તો રૂબરૂ નહીં આવવું પડે. માત્ર મને એક ફોન કરજો અને તમારી સમસ્યા જણાવજો અને તમારી સમસ્યા એક ધારાસભ્ય તરીકે દૂર કરવા હંમેશા લોકો અને ખેડૂતોની સાથે રહીશ. શનિવારે યોજાયેલ લોક સંપર્ક કાર્યક્રમમાં કોંગ્રેસના કાર્યકરો અને ગામો ગામ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા અને શિવાભાઈ ભુરિયા ને જીતાડવા માટે હાકલ કરી હતી.

# ધાનેરા મત વિસ્તારના ગામોમાં કેસરીયો માહોલ

પ્રતિનિધિ નાંદલા

ધાનેરા વિધાનસભા મત વિસ્તારમાં ભાજપના કાર્યકરો દ્વારા સક્ષમ ઉમેદવાર માવજીભાઈ દેસાઈનું સ્વયંભૂ પ્રચાર અભિયાન ગોઠવાયું છે. જે અનુસંધાને સુથાર સમાજના સામાજીક કાર્યકર દેવાભાઈ સુથાર (નાંદલા) ની આગેવાની હેઠળ અજમલભાઈ સુથાર (કમોડી), અમરતભાઈ સુથાર (નાંદલા), રાજપુત સમાજના આગેવાન રામસિંગ વાઘેલા, કિસાન મોરચાના મહામંત્રી સેનાભાઈ સુથાર (કમોડી), વગેરેએ આલવાડા, કુંવારલા, શેરગઢ સહિત આજુબાજુના ગામોનો ચૂંટણી પ્રવાસ ખેડી ભાજપના ઉમેદવાર માવજીભાઈ દેસાઈને મત આપવા અપીલ કરી હતી. જેથી મત વિસ્તારમાં કેશરીયો લહેરાયો છે.

# દાંતાના એ.ટી.એમ.માં અસ્થિર મગજના યુવકની તોડફોડ



પ્રતિનિધિ દાંતા

દાંતામાં એક અસ્થિર મગજના યુવકે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા શાખાના એ.ટી.એમ. મશીન ઉપર પત્થરોથી પ્રહારો કરતા કાચ તુટવા સાથે મશીનને વ્યાપક નુકશાન થયું હતું. એ વખતે સિક્યુરીટી ગાર્ડ હાજર હતો પણ તે ગાંડાને રોકી શક્યો ન હતો. લોકોએ અસ્થિર મગજના યુવકનું નામ રાકેશ હોવાનું જણાવી તે અગાઉ વકીલ હતો પરંતુ મગજ અસ્થિર થઈ જતા દાંતામાં દરરોજ રખડી-ભટકીને ચિત્ર વિચિત્ર હરકતો કરે છે.

# ધાનેરામાં પાડોશી યુવતી ઉપર દુષ્કર્મ આચરતાં ચકચાર

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરામાં એક યુવતી ઉપર તેના પાડોશી યુવકે દુષ્કર્મ આચરતા ચકચાર મચી જવા પામી છે. આ અંગે યુવતીની ફરીયાદના આધારે પોલીસે ગુનો દાખલ કર્યો હતો.

પ્રાપ્ત માહિતીમુજબ ધાનેરામાં માતા પિતા સાથે રહેતી યુવતી રાત્રીના સમયે તેના ઘરની ઓસરીમાં સુતી હતી ત્યારે કુદરતી હાજતે જવા ઘર આગળ ટાંકીમાંથી પાણી લેતી હતી ત્યારે તેના ઘરની બાજુમાં રહેતો યુવક તેનો હાથ પકડી ઘરના મેડા ઉપર લઈ જઈ તેણીની મરજી વિરૂદ્ધ દુષ્કર્મ આચર્યુ હતું.જોકે યુવક બાથરૂમ માટે જતાં યુવતીએ સમય સુચકતા વાપરી ઘરના પતરા પરથી કુદકો મારતાં તેણીના હાથે પગે ઈજા થઈ હતી. આ અંગે યુવતીએ તેના પરિવારજનોને જાણ કરી તમામ હકીકત જણાવતાં યુવક વિરૂદ્ધ ધાનેરા પોલીસ મથકે દુષ્કર્મની ફરીયાદ નોંધાવી હતી.

# બેલેટથી મતદાન...



દાંતાની સર ભવાનીસિંહ વિદ્યાલયમાં બેલેટ પેપરથી સરકારી કર્મચારીઓનું મતદાન યોજાયું હતું. જેમાં ચૂંટણીની ફરજમાં જોડાયેલી પોલીસ- હોમગાર્ડ જવાનો, શિક્ષકો સહિતના કર્મચારીઓએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

# ખીમાણામાં ભાજપ ઉમેદવાર કિર્તિસિંહ વાઘેલાની સભા યોજાઈ



વિષ્ણુ સોલકી

પ્રતિનિધિ ખીમાણા

કાંકરેજ તાલુકાના ખીમાણા ગામે ગઈકાલે ૧૫- કાંકરેજ વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર કિર્તિસિંહ વાઘેલાની ખીમાણા, નવાપુરા, રામપુરા, રામશીપુરા, ખોડલાની બેઠક યોજાઈ હતી. જેમાં વિશાળ જનસંખ્યામાં આગેવાનો, યુવાનો,માતાઓ, બહેનો ઉપસ્થિત રહ્યા હતા અને ભાજપના ઉમેદવારને જંગી બહુમતીથી વિજયી આપવા હાંકલ કરી હતી.

આ પ્રસંગે પરમ પૂજ્ય સંતશ્રી શ્યામનારાયણગીરી બાપુના આશિર્વાદથી સભા શરૂ થઈ હતી. સુખદેવસિંહ સોઢા(માજી પ્રમુખ જિલ્લા પંચાયત બનાસકાંઠા), અણદાભાઈ પટેલ (ચેરમેન થરા માર્કેટયાર્ડ), કરણસિંહ વાઘેલા (પ્રમુખ જાગીદાર સમાજ-કાંકરેજ), મફાજી સોલંકી(પ્રમુખ કાંકરેજ તાલુકા પંચાયત), દેસાઈ બાબુભાઈ (ઉપપ્રમુખ કાંકરેજ તાલુકા પંચાયત), કલાભાઈ પટેલ (માજી બનાસડેરી ડિરેક્ટર), પટેલ બાબુભાઈ (પ્રમુખ કાંકરેજ કિસાન મોરચો), વાઘડા રમેશભાઈ (જિલ્લા પંચાયત સદસ્ય), અશ્વિનભાઈ શાહ (જિલ્લા પંચાયત સદસ્ય), ડાયાભાઈ પીલીયાતર (પ્રમુખ ભાજપ કાંકરેજ), અમરતભાઈ દેસાઈ(ચેરમેન તાલુકા સંઘ કાંકરેજ), પરમાર ફતુજી ગલાલજી (સરપંચ ખીમાણા), પીરાજી પરમાર, સુખાજી પરમાર, મોદી બબાભાઈ, પરમાર કપુરજી, પરમાર વેલસંગ, ઘાંઘોળ બળદેવભાઈ, ઠક્કર સોમાભાઈ, શાહ વિનોદભાઈ, નાઈ કરશનભાઈ,

અનુસંધાન પાના નં.૨

# શિહોરી-રતનપુરા મોડેલ સ્કૂલમાં પોસ્ટલ બેલેટ મતદાન

## ૧૪૯૬ કર્મચારીઓમાંથી ૫૬૩ એ મતદાન કર્યુ



વિજય સિલ્વા

પ્રતિ. શિહોરી

કાંકરેજ વિધાનસભા-૧૫ મામતદાર હોય તેવા પોલિસ,હોમગાર્ડ, બોર્ડરવીંગ, જીઆરડી, બી.એલ.ઓ ડ્રાઈવર, કંડક્ટર, બેંક પટ્ટાવાળા,હાઈસ્કૂલના પટ્ટાવાળા, ઝોનલ ઓફિસર ટેકનીશીયન વિડીયોગ્રાફર, માઈક્રો આબર્ઝવર, મધ્યાહન ભોજનના સંચાલકો સહીત બાકી રહેલા સ્ટાફ કે જેમને ચુંટણી ફરજ ઉપર મુકવામાં આવેલ હોય તેવા કાંકરેજ ૧૫ મતદાર વિભાગમાં મતદાર હોય તેવા ૧૪૯૬ કર્મારીઓમાંથી ૫૬૩ લોકોએ પોતાનું મતદાન શિહોરી રતનપુરા મોડેલ સ્કૂલમાં કર્યું હતું જોકે પોસ્ટમાં રવાના મતો-૫૦૧, મડાણા જીઈમાં રૂબરૂ-૩૫, એફ.સી સુવિધા કેન્દ્ર ઉપયોગ-૯૬૦ એક કુલ-૧૪૯૬ માંથી તા-૬-૧૨-૨૦૧૭ ના રોજ ૨૨૬ અને તા.૭-૧૨-૨૦૧૭ ના રોજ ૧૭૮ જ્યારે તા.૧૦-૧૨-૨૦૧૭ ના રોજ ૧૫૯ મતદાર કર્મચારીઓ એ મતદાન કરતાં કુલ-૫૬૩ નું મતદાન બપોર સુધી થવા પામ્યું હતું. આમ ચુંટણી અધિકારી કાંકરેજ વિધાનસભા મતદાર વિભાગ અને જિલ્લા પુરવઠા અધિકારી એસ.જે.ચાવડા તથા મદદનિશ ચુંટણી અધિકારી એસ.એ. ચૌહાણ મામલતદાર કાંકરેજની નિગરાની નીચે મતદાન થવા પામ્યું હતું. જેમાં વાવ, થરાદ, ધાનેરા, દાંતા, વડગામ, પાલનપુર, ડિસા, દિયોદર,કાંકરેજ વિધાસભાનો સમાવેશ થાય છે.

# ડીસા સહિત જિલ્લાના હવામાનમાં ફેરફારના કારણે ઠંડી ગાયબ

## ઓખીની અસર બાદ ફરી એકવાર વાદળો આવતા ઠંડીની મૌસમ જામતી નથી



નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

સતત વધતી જતી ‘ગ્લોબલ વોર્મિંગ’’ ની અસરના કારણે ઋતુઓનું પરીવર્તન જોવા મળી રહ્યુ છે. ડીસેમ્બરના દશ દિવસ વિતવા આવ્યા હોવા છતાં ઠંડીની મૌસમ જામતી નથી. થોડાક દિવસો પહેલા અરબી સમુદ્રમાં ઉભા થયેલા ઓખી વાવાઝોડાના કારણે કેટલાક દિવસો સુધી વાતાવરણમાં સતત ફેરફાર જોવા મળી રહ્યો હતો. બદલાયેલા હવામાનના પગલે વાતાવરણ ઠંડુગાર બની જવા પામ્યું હતું પણ ઓખીની અસર ઓછી થતાં હવામાનમાં સુધારો આવ્યો હતો. અને પ્રજાજનોને ઠંડીનો અહેસાસ થવા લાગ્યો હતો પણ ફરી એકવાર વાતાવરણમાં જોવા મળી રહેલા પલટાના કારણે ઠંડી ગાયબ થઈ ગઈ છે. આકાશમાં વાદળો જોવા મળી રહ્યા છે જેના કારણે ઠંડીની ઋતુ જામતી નથી આવા વાતાવરણના કાટલો પ્રજાજનો પર તેની અસર થઈ રહી છે સાથે સાથે રવિસીઝનના ઉભા પાક પર પણ આવા વાતાવરણથી વિપરીત અસર જોવા મળી રહી છે. એરંડા, કપાસ, બટાટા, રાયડો, ઘઉં, વરીયાળી જેવા અનેક શિયાળુ પાકો પર આવા વાતાવરણની અસર થવાની શક્યતાઓના પગલે ખેડૂત વર્ગ પણ ચિંતિત થઈ રહ્યો છે ઓછી ઠંડી પડતા પાકોનો વિકાસ અને રોગચાળાની સંભાવનાઓ વધી ગઈ છે.

# ભાભરના ૨૧ ગામોમાં શંકરભાઈનો ઝંઝાવાતી પ્રવાસ



પાલનપુર

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો ભાભર ખાતેની રેલી બાદ સમગ્ર સરહદી પંથકમાં કેસરીયો માહોલ સર્જાયો છે ત્યારે શંકરભાઈ ચૌધરીએ ભાભર તાલુકાના ૨૧ ગામોને ઝંઝાવાતી પ્રવાસ કરીને પોતાની વિજય કુચને આગળ ધપાવી હતી.

તેમણે દુદોસણ, ડાભી, ડુંગળા, ક્રેચાણા, બોરૂ, માધપુરા, મસાલી, લિંબુણી, બેણપ, મોતીપુરા, ચાળા, ધનાણા, લિંબાળા, કાણોઠી, જેલાણા, નેસડા,ગોલપ, પાડણ, મેઘપુરા, રડોસણ અને ભરડવા ગામોની મુલાકાત લઈ સંપર્ક કર્યો હતો. જ્યાં ગામેગામ તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું અને વિશાળ સંખ્યામાં ઉપસ્થિત મેદનીએ ‘વિજયી ભવ’ ના આશિર્વાદ આપ્યા હતા.

# વડગામ વિધાનસભાના ૧૪૬ ગામોમાં ભાજપનો લોકસંપર્ક પૂર્ણ



પુષ્કર ગોસ્વામી

## ગામે ગામ ભાજપ ઉમેદવારને જન સમર્થન

તા.પ્રતિ. વડગામ

બનાસકાંઠાની વડગામ વિધાનસભા બેઠક ઉપર ભાજપના ઉમેદવાર વિજય ચક્રવર્તીનો મત ક્ષેત્રના ૧૪૬ ગામોમાં સઘન ચૂંટણી પ્રચાર ને લોક સંપર્કના કારણે સર્વત્ર ભગવામય માહોલ સર્જાયો છે.

પ્રદેશ ભાજપ દ્વારા વડગામ બેઠક ઉપર વિજય ચક્રવર્તીનુ નામ મુક્તાંજ કોંગ્રેસે મેદાન છોડી ઉમેદવાર નહિ મુકતાં વડગામ વિધાનસભામાં ભાજપની જીત નિશ્ચિત છે. તાલુકાની વડગામ, જલોત્રા, કોદરામ, છાપી, બસુ, કુલ પાંચ જિલ્લા પંચાયત સીટોના ૧૧૦ ગામો તથા પાલનપુર વિભાગના ૩૬ ગામોમાં યોજાયેલ ચૂંટણી પ્રવાસમાં ઠેર-ઠેર આવકાર મળ્યો છે.

તા.ભાજપ પ્રમુખ પ્રવિણસિંહ રાણા (કોદરામ), વિધાનસભા ઈન્ચાર્જ કેશરભાઈ જે.વાયડા (ચાંગા), માર્કેટયાર્ડ ચેરમેન કે.પી.ચૌધરી (માહી), પૂર્વ પ્રમુખ અને બનાસ ડેરી ડીરેક્ટર ફલજીભાઈ વિ.પટેલ (વરસડા), મહામંત્રી ગોવિંદભાઈ એચ.ચૌધરી (નાંદોત્રા),

અનુસંધાન પાના નં.૨

# વિધાનસભા ચૂંટણી બીજા તબક્કાનો પ્રચાર ચરમ સીમાએ : હવે કરો યા મરો




**જીસ કે હાથ મે લાઠી ઉસકી ભેંસ જેવો માહોલ**

યશપાલસિંહ ટી.વાઘેલા

હું છું વિકાસ હું છું ગુજરાત... નવસર્જન... પરિવર્તન આવી બધી સુફીયાણી વાતોને જાહેરાતો વાંચી વાંચીને હવે તો કંટાળ્યા કાલ પરમ દિ બે દા'ડા જાય એટલે જગ જીત્યા... કચ્છ- સૌરાષ્ટ્ર દક્ષિણ ગુજરાતમાં મતદાન પછીના પરિણામોની છણાવટ થઈ રહી છે. તો ૯૩ બેઠકોના પ્રજાજનો કંઈક શરૂઆતની પંક્તિની હૈયા વરાળથી હાશકારો અનુભવે છે. ચૂંટણી આવે છે ને દિવાળી ચંપાય છે. ગમે તેવી આગ ફેલાવીને ભડકો જ કરે છે. તેમને કંઈ નાવા નિચોવવા ન હોય એવા ચમચાઓનું સાચું માનીને ભાઈ -ભાઈ પરિવાર- સમાજ ગામ- મહોલ્લા- સોસાયટી- પરા વિસ્તારમાં કારણ વગરના વિવાદ ઉભા કરાવે. આવી આક્રોશભરી ચર્ચા મંદિર- ગામના ચોરે કે ધારાસભ્યની ગ્રાન્ટમાંથી મુકાયેલ બાંકડા પર બેઠા બેઠા થાય. ૮૯ બેઠકોના મતદાન પછી તારણો લોક પોતપોતાની રીતે સોશીયલ મીડીયામાં સેર કરી રહ્યા છે. જેમાં ‘‘પ્રથમ તબક્કાના મતદાન માટે વિશિષ્ટ અને સૌથી સચોટ એક્ઝિટ ‘‘પોલ’’ ૮૯ બેઠકોમાંથી ૫૯ બેઠકો પરના ૨૪૬૮૯ બુથમાંથી ૫૦૦૦ બુથ પર ૩૫૦૦૦ મતદાતાઓના કુલ મતોનું પ્રમાણિત સર્વેક્ષણ જેમાં ૬૯ અ ૧૭ બ અને ૦૩ ક ને મળે તેવી શક્યતા છે તો વળી એક એવો જનરલ એકઝીટ ‘‘પોલ આવ્યો. જેમાં ૧૮૨ માંથી ૧૫૬ અ, ૨૪ અને ૦૨ ક ને ફાળે જશે ને છેવટે શાસક પક્ષ જ સત્તાના સૂત્રો સંભાળે છે. લોકશાહી છે એટલે શાસક - વિરોધ પક્ષ તો રહેવાના જ અને પ્રજા- વિસ્તાર પણ લોકોની સમસ્યા વધારી લોકસેવકો બેફામ બને તેની સામે જ પ્રજાનો આક્રોશ છે. બાકી તો બધું જ કરે ક્યાં કોઈ પૂછે છે? બે પાંચ વર્ષે ચૂંટણીઓ આવે તેમાં સારો વ્યક્તિ ‘‘ચૂંટાય’’ તેવી કલ્પના અત્યારના વાવાઝોડામાં રાખી શકાય ખરી? કોઈ પણ જ્ઞાતિવાદ- ધનાઢ્યતાથી અલિપ્ત હોય તેને ટીકીટ આપવાનો પ્રયાસ ભૂલે ચૂકેય કરે ખરો આ લોકશાહીમાં વંશ પરિવાર વાદની ટીકા ટીપણ કરતા લોકોને ય પૂછી તો જો જો આપણે કારણ વગરના રાજકારણ ‘‘ચૂંટણી ચક્રવ્યુહ’’ની કોલમને તમારા વચ્ચે જ રાખવા પ્રયાસ કરી રહ્યા છીએ. બે- પાંચ દિવસ પછી જે થવાનું એ થઈને જ રહેશે. કોઈ જીતશે કોઈ હારશે.. રેત- પથ્થર- વૃક્ષ ખનને બીજા કૌભાંડો પ્રજા- વિસ્તારના નામે ચાલુ થશે. હારેલા- જીતેલા સૌ એક મળીને બધું કરશે. પ્રજા બાપડી ‘‘સાહેબ’’ સાહેબ કરતી જ રહે શે. જીસ કે હાથ મે લાઠી ઉસ કી ભેંસ જેવી સ્થિતિ છેવટે તો...??

# દિઓદર ભાજપ ઉમેદવારનો આજનો કાર્યક્રમ

પ્રતિનિધિ દીઓદર

દિઓદર વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર કેશાજી ચૌહાણ આજે તા.૧૧/૧૨/૨૦૧૭ ના રોજ સાંજે ૪ ક. રબારી સમાજના સંમેલનને સંબોધશે અને જી.આઈ.ડી.સી. દિઓદર ખાતે નાના (ઈતર) સમાજના લોકોને મળશે તેમજ સાંજે ૩ ક. દિઓદર ઠાકોર સમાજ છાત્રાલય ખાતે સુથાર સમાજ અને વિચરતી વિમુક્ત જાતિનું સંમેલન સંબોધશે.

# લાખણીમાં મુખ્યમંત્રી આજે જાહેર સભા યોજાશે

પ્રતિનિધિ લાખણી

ગુજરાત વિધાનસભા ચૂંટણી ના બીજા તબક્કા માટે નેતાઓ એડી થી ચોટી નું જોર લગાવી રહ્યા છે ત્યારે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી લાખણી ખાતે સવારે ૧૧.૩૦ કલાકે માર્કેટ યાર્ડ ની સામેના મેદાનમાં જાહેર સભા ને સંબોધન કરશે અને તે પૂર્વ સવારે બાઈક રેલીનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

# ડીસામાં વોર્ડવાઈઝ ભાજપની મીટીંગો યોજાઈ



ડીસા

તા.૧૪ મી ડીસેમ્બર, ૨૦૧૭ મતદાનનો દિવસ નજીક આવતો જાય છે તેમ ડીસા શહેરમાં ભાજપ કાર્યકરોનો ઉત્સાહ, ઉમંગ અવિરત વધી રહ્યો છે. તા.૧૦/૧૨/૨૦૧૭ ને રવિવારે વણઝારાવાસ, અનુપમ સોસાયટી, મોઢેશ્વરી, સોસાયટી, મારવાડી મોચીવાસ, લાટીબજાર, કાપડીવાસ, શિવનગર, રામનગર, રીજમેન્ટ, સત્યમ - શિવમ - સુંદરમ સોસાયટી સંકુલ એ રીતે લોક સંપર્ક મીટીંગોની હારમાળ સર્જાઈ હતી. દરેક મીટીંગમાં વિશાળ સંખ્યામાં નગરજનો હાજર રહીને ભાજપ ઉમેદવાર શશીકાંતભાઈને જંગી બહુમતીથી જિતાડવા એકસુર પ્રગટ કર્યો હતો. ડીસા ન.પા. પ્રમુખ પ્રવિણભાઈ માળી તેમજ ન.પા.ના સ્થાનિક સભ્યોએ દરેક વોર્ડમાં વ્યવસ્થા જાળવવા અવિરત પરિશ્રમ ઉઠાવ્યો હતો. ડીસા શહેર ભાજપના પ્રમુખ સંજયભાઈ બ્રહ્મભટ્ટ, મહામંત્રીઓ ચેતનભાઈ ત્રિવેદી, અશોકભાઈ પટેલ તેમજ અન્ય હોદ્દેદારો વિગેરે સવારથી મોડી રાત સુધી કાર્યરત રહે છે. દેવીપૂજક સમાજની તેમજ અગ્રવાલ સમાજની મીટીંગ યોજાઈ હતી. જેમાં, ભાજપને સંપૂર્ણ ટેકો જાહેર કરી શશીકાંતભાઈને મત આપવા અને અપાવવા આ બંને સમાજોએ નિર્ધાર કર્યો હતો. તા.૧૧/૧૨/૨૦૧૭ ને સોમવારે ૧૦ કલાકે રાહી કોલ્ડ સ્ટોરેજ, થરાદ હાઈવે પર ઠાકોર સમાજની મીટીંગ યોજાશે.

આ ઉપરાંત ડીસા બેઠકના ભાજપના ઉમેદવાર શશીકાંતભાઈ માટે ડીસા શહેર તાલુકો અને દરેક સમાજમાં વિવિધ રીતે પ્રચાર થઈ રહ્યો છે. વિવિધ કાર્યકરોએ આગેવાનોએ પ્રચાર ઝુંબેશ અવિરત પરિશ્રમથી ઉપાડી લીધી છે. તા.૧૦/૧૨/૨૦૧૭ ને રવિવારે જુનાડીસા, વાસણા, દશાનાવાસ, ધરપડા, ઢુવા, અજાપુરા, ભોયણ તેમજ અન્ય ગામડામાં તાલુકા ભાજપના આગેવાનોએ ભાજપની વાત ભારપૂર્વક રજુ કરતા પ્રજાએ ભાજપ ઉમેદવાર શશીકાંતભાઈને ગામડાની મતપેટીઓ કમળના નિશાનથી છલકાવી દેવા હેતની હેલી વરસાવી હતી.

# મુડેઠા પંથકમાં વાદળછાયા વાતાવરણથી ખેડુતો ચિંતિત



સાદુલસિંહ રાઠોડ

પ્રતિનિધિ મુડેઠા

રાજ્યમાં છેલ્લા બે દિવસ વાદળછાયા વાતાવરણના પગલે વરસાદી માહોલ છવાયો છે. જેના પગલે મુડેઠા પંથકમાં વાદળછાયો માહોલ રચાતા દિવસનો પારો પણ ગગડતા ઠંડીમાં વધારો થવાની વકી વર્તાઈ રહી છે. મુડેઠા સહિત આજુબાજુ ગામમાં શિયાળાની ઋતુની શરૂઆતમાં પલટાતા જતા હવામાનના મિજાજને લઈ પ્રજાજનોને મિશ્ર ઋતુની અનુભૂતિ વર્તાઈ રહી છે. વાદળછાયુ વાતાવરણને લીધે કપાસ, એરંડા વગેરે પાકને નુકસાન થવા પામ્યું હતું. તેમ છતાં હવામાન વિભાગ દ્વારા જિલ્લામાં વરસાદની શક્યતાઓ નહીવત દર્શાવી છે. ત્યારે જિલ્લા ખેડુતો અને મુડેઠા ગામના આજુબાજુ ખેડુતોને વાદળછાયા વાતાવરણથી આગામી બે દિવસ બાદ છુટકારો મળી જશે. જેથી ફરી પાછી શિયાળાની ઠંડીનો અનુભવ થવા લાગશે. જેના કારણે રવિ સીઝન ઉભા પાકને ફાયદો થવાની શક્યતાઓ છે.

# ઈટોદા ગામે ભાજપના ઉમેદવાર દિલીપકુમાર ઠાકોરને પ્રત્યેક સમાજનું સમર્થન



રાજુ ઠક્કર

તાલુકા પ્રતિ. પાટણ

૧૭-ચાણસ્મા વિધાસભાના ભાજપના વિવેકી અને ઠરેલ ઉમેદવાર દિલીપકુમાર વિરાજી ઠાકોરને સમગ્ર ઠોકોર સમાજે ગતરોજ ઈટોદા ગામે વિશાળ સંખ્યામાં પરિવાર સાથે હાજર રહીને દિલીપકુમારને વિજયી બનાવવા લોકોએ એકી અવાજે હાકલ કરી હતી. અને જેની સાથે અવાજ હોય તેવી વ્યક્તિને ક્યારેક કોઈપણ કામકાજ હોય કે ચુંટણી હોય જીતી જતા વાર ન લાગે, કેમ કે સમાજથી જ માણસ ઉજળો છે.

દરમ્યાન દિલીપકુમાર ઠાકોરની ચાણસ્મા શહેરમાં પણ ગતરોજ બપોરના બાઈક રેલી યોજાઈ હતી.

૧૭-ચાણસ્માની સીટ પર ખરેખર ત્રિપાંખીયો જંગ હવે ધીમેધીમે બેપક્ષ વચ્ચે જામતો જાય છે, જોઈએ હવે કટોકટીની આ સ્થિતિમાં દિલીપકુમારે કરેલા કામોને પ્રજા યાદ રાખીને વોટ આપે છે કે નહિ!

# ડીસા શહેર તાલુકા યુવા ભાજપના દ્વારા બાઈક રેલી યોજાઈ



ડીસા

ડીસા શહેર તાલુકા ભાજપના ઉપક્રમે ડીસા બેઠકના ભાજપના ઉમેદવાર શશીકાંતભાઈ પંડ્યાના સમર્થનમાં વિશાળ બાઈક રેલીએ ડીસાના રાજમાર્ગો ઉપર ભાજપની ભવ્યતાનો બુલંદ રણકાર કરી કેસરીયો માહોલ સર્જ્યો હતો. આ બાઈક રેલીને ડીસા વિધાનસભા ભાજપના સહ ઈન્ચાર્જ અને જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ તેમજ સદાબહાર યુવાનોને શરમાવે તેવી સ્ફુર્તિ ધરાવતા મહેશભાઈ દવેએ પ્રસ્થાન કરાવ્યું હતું.

અનુસંધાન પાના નં.૨

# થરાદના છેવાડા સુધી વિકાસના ફળ પહોંચાડવા છેઃ પરબતભાઈ પટેલ

વિષ્ણુ દવે





પ્રતિનિધિ થરાદ

થરાદ વિધાનસભા બેઠકના ભાજપ ઉમેદવાર અને લોકપ્રિય ધારાસભ્ય પરબતભાઈ પટેલને ગામેગામ જાહેર સભાઓમાં પ્રજાજનો તરફથી સ્વયંભુ સમર્થન સાંપડી રહ્યું છે.

થરાદ બેઠકના ભાજપના ઉમેદવાર પરબતભાઈ પટેલે ગઈકાલે બારા, ખારાખોડા, ટેરોલ અને દાંતીયા ગામે જાહેર સભા યોજી હતી. જે સભાઓમાં જે તે ગામના અગ્રણીઓ સહિત ગ્રામજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી પરબતભાઈને સમર્થન આપ્યુ હતુ અને તેમને ફરીથી ધારાસભ્ય તરીકે ચૂંટાઈ થરાદ પંથકમાં વિકાસ કામગીરી આગળ ધપાવે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો. થરાદ પંથકના ગામેગામ કેશરીયો માહોલ જોવા મળી રહ્યો છે.

# ડીસામાં રીસાલાચોકમાં આજે યોગી આદિત્યનાથ સભા ગજવશે

ડીસા

આજે તા.૧૧/૧૨/૨૦૧૭ ને સોમવારે બપોરે ૨.૦૦ કલાકે યુ.પી.ના મુખ્યમંત્રી આદિત્યનાથ સભા ગજવશે. આદર્શ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને સાંભળવાનો અણમોલ લ્હાવો લેવા સમયસર પધારી સ્થાન લેવા મતદાર ભાઈ બહેનોને ડીસા વિધાનસભા ઈન્ચાર્જ મગનલાલ માળી સહઈન્ચાર્જ મહેશભાઈ દવે, રસીકજી ઠાકોર, સુમેરસિંહજી, ડીસા ન.પા. પ્રમુખ પ્રવિણભાઈ માળી તેમજ ન.પા.સભ્યો, ડીસા તા.પં.પ્રમુખ વીજુભા વાઘેલા તેમજ તાલુકા પંચાયત ડેલીગેટો, ડીસા તાલુકા ભાજપ પ્રમુખ લેબજીભાઈ ઠાકોર તેમજ અન્ય હોદ્દેદારો, ડીસા શહેર ભાજપ પ્રમુખ સંજયભાઈ બ્રહ્મભટ્ટ દ્વારા અનુરોધ કરવામાં આવે છે ડીસાના વ્હાલા મતદાર ભાઈ - બહેનોએ યોગીજીની સભામાં સમયસર પધારવા અનુરોધ કરવામાં આવે છે.

## દીઓદર વિધાનસભા ભાજપના ઉમેદવાર કેશાજી ચૌહાણના સમર્થમાં બાઈક રેલી યોજાઈ

અશોક શેઠ



તાલુકા પ્રતિનીધી દીઓદર

૧૪, દીઓદર વિધાનસભાના ભાજપના ઉમેદવાર શ્રી કેશાજી ચૌહાણ દ્વારા ગામડે ગામડે જાહેર સભાઓ યોજ્યા બાદ કેશાજી ચૌહાણના સમર્થનમાં ભાજપના કાર્યકરો,આગેવાનો અને તેમના સમર્થકો દ્વારા ગઈકાલે દીઓદર ખાતેથી ભવ્ય બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયેલ.આ રેલી દીઓદર ઠાકોર સમાજ છાત્રાલય ખાતેથી પ્રસ્થાન થઈ દીઓદરની બજારમાં પરિભ્રમણ કરેલ.આ રેલીમાં કેશાજી ચૌહાણે સૌ મતદારોને ભાજપ તરફી મતદાન કરવા અપીલ કરેલ.ત્યારબાદ રેલી દીઓદર બજારમાં થઈ જાડા, પાલડી, ચીભડા, લવાણા, રાંટીલા, મોજરૂ, વાતમ, વાસણા, લાખણી, કોટડા, ધુણસોલ, મોટા કાપરા, ભીલડી, સોની, ડુચકવાડા, ધનકવાડા, રૈયા, મુલકપુર, સુરાણા, નવા થઈ દીઓદર પરત આવેલ. આ બાઈક રેલીમાં મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો,સમર્થકો જોડાયેલ.

# કોંગ્રેસે દલિતોને માત્ર વોટ બેન્ક તરીકે જ રાખ્યા હતાઃ શંભુપ્રસાદ ટુંડિયા

### ધાનેરામાં દલિત સમાજના સંમેલનમાં ભાજપને જીતાડવા નો રણટંકાર

તા.પ્ર.તિ. ધાનેરા

આઝાદી બાદ વર્ષો સુધી કોંગ્રેસે માત્ર દલિતોને વોટ બેન્ક તરીકે ગણતરી કરી દલિતોને પછાત જ રાખ્યા હતા. જ્યારે ભાજપ સરકારે દલિતો માટે ઉત્થાનનું કાર્ય કરી તેમને સમાજમાં મોભાનું સ્થાન અપાવ્યુ છે એમ ઝાંઝરકા મંદિરના ગાદીપતિએ અને રાજયસભાના સાંસદ મહંત શંભુપ્રસાદજી ટુંડિયા એ ધાનેરા ખાતે દલિત સમાજના સંમેલનમાં જણાવી ભાજપના ઉમેદવાર માવજીભાઈ દેસાઈ ને જગાડવા સમગ્ર સમાજને અપીલ કરી હતી.

ધાનેરા ભાજપના ઉમેદવાર માવજીભાઈ દેસાઈને ધાનેરા અને દાંતીવાડા તાલુકાના તમામ સમાજોના સમર્થન મળી રહ્યા છે. જેમાં શનિવારે દલિત સમાજનું મહાસંમેલન યોજાયું હતું. રાજયસભાના સાંસદ અને સંત સવૈયાનાથ ગાદી ઝાંઝરકાના મહંત શ્રી શંભુપ્રસાદજી ટુંડિયા એ ઉપસ્થિત રહી ભાજપ સરકારે દલિતો માટે કરેલા કાર્યો વર્ણવ્યા હતા. મહંત શ્રી શંભુપ્રસાદજીએ જણાવ્યું હતું

એન.કે.મોદી



અનુસંધાન પાના નં.૨















ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક
રખેવાળ
Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com
P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

# કોંગ્રેસ સરકાર આવે તો ૧૦ દિ' માં ખેડુતોના દેવા માફ : રાહુલ

## દીઓદરમાં રાહુલ ગાંધીનો રણ ટંકાર : નોટબંધીમાં ગરીબ લોકો લાઈનમાં હતા અને પૈસાદાર આરામમાં..

તાલુકા પ્રતિનીધી દીઓદર

ગુજરાત વિધાનસભાની ૧૮૨ સીટો માટે યોજાઈ રહેલી ચુંટણીમાં પ્રથમ તબક્કાનો ચુંટણી પ્રચાર શાંત થતાં હવે રાજકીય પક્ષોએ બીજા તબક્કાનો ચુંટણી પ્રચાર આરંભી દીધો છે અને ઠેર- ઠેર વિધાનસભાની સીટો ઉપર રાજકીય નેતાઓ દ્વારા જાહેર સભાઓ યોજવામાં આવી રહી છે અને મતદારોને પોતાના પક્ષ તરફ ખેંચવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.જે અંતર્ગત આજરોજ બનાસકાંઠા જીલ્લાના દીઓદર ખાતે કોંગ્રેસના ઉમેદવારોના સમર્થનમાં દીઓદર જેતડા હાઈવે ઉપર આજરોજ કોંગ્રેસના ઉપાધ્યક્ષ શ્રી રાહુલ ગાંધીની જંગી જાહેર સભા યોજાઈ હતી. રાહુલ ગાંધીનું સાંજે ૪.૨૦ કલાકે હેલીપેડ ખાતે આગમન થયેલ. ત્યારબાદ તેઓ સ્ટેજ ઉપર આવતાં કોંગ્રેસના સૌ કાર્યકરોએ તેમને હાર તેમજ સાફો પહેરાવી સ્વાગત કરેલ.રાહુલ ગાંધીએ ૨૨ મીનીટના ભાષણમાં ભાજપની સરકાર ઉપર આકરા પ્રહારો કરેલ.જેમાં ગુજરાત કોંગ્રેસના પ્રભારી અશોક ગેહલોત,ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી,પાટણના પૂર્વ સાંસદ જગદીશભાઈ ઠાકોર,બ.કાં.જીલ્લા કોંગ્રેસ પ્રમુખ જાકીરભાઈ ચૌહાણ સહીત કોંગ્રેસના અનેક પ્રદેશ,જીલ્લાના હોદદારો ઉપસ્થિત રહેલ.




આ પ્રસંગે રાહુલ ગાંધીએ સભાને સંબોધતાં ભાજપ ઉપર આકરા પ્રહારો કરી જણાવેલ કે ગુજરાતમાં ખેડુતોને પુરતા પ્રમાણમાં નર્મદાનું પાણી નથી મળતું.અને વધુમાં રાહુલજીએ જણાવેલ કે ગુજરાતમાં જે ચુંટણી યોજાઈ રહી છે તે ગુજરાતના લોકોના ભવિષ્ય માટેની આ ચુંટણી છે.તેમજ નરેન્દ્ર મોદીએ લોકોને જે વચન આપ્યું હતું કે તમામ લોકોના ખાતામાં ૧૫ લાખ રૂપીયા જમા થશે તેની જગ્યાએ ૧૫ પૈસા પણ મળ્યા નથી.તેમજ જ્યારે નોટબંધી કરવામાં આવી ત્યારે ગરીબ લોકોજ લાઈનમાં ઉભા રહેલા જોવા મળ્યા હતા. શુટ બુટ વાળા એક પણ લોકો લાઈનમાં જોવા મળ્યા ન હતા.જેમણે બેંકની પાછળ કાળુ ધન એસીવાળાઓએ એસીમાં બેસીને સફેદ કરી દીધુ હતું.તેમજ ગુજરાતના લોકોને જણાવેલ કે આ વખતે અમારી સરકાર બનશે તો ગુજરાતમાં ખેડુતોના દેવા ૧૦ દિવસમાં માફ કરી દેવામાં આવશે.તેમજ નરેન્દ્ર મોદી સરકારે હિન્દુસ્તનમા ૧૦ અમીર લોકોના કરજો માફ કરી દીધા છે.અને હજુ પણ કરવા જઈ રહ્યા છે.તેમજ ગુજરાતમાં કોંગ્રેસની સરકાર બનશે તો ગરીબ લોકોને મફતમાં દવાઓ આપવામાં આવશે.અને સરકારી હોસ્પિટલોમાં પુરતો પ્રમાણમાં ડોક્ટર તેમ નર્સ સ્ટાફ મુકાશે.તેમજ સરકારી કોલેજ બનાવી અને વિધાર્થીઓને મફતમાં શિક્ષણ આપીશું.આ વખતે ઉદ્યોગપતિઓની સરકાર હારશે અને ગુજરાતમાં કોગ્રેસની સરકાર આવશે તેમ જણાવેલ.આ પ્રસંગે રાહુલ ગાંધીએ કોંગ્રેસના ઉમેદવાર શીવાભાઈ ભુરીયાને વિજેતા બનાવવા લોકોને આહ્વાન કરેલ.આ પ્રસંગે મોટી સંખ્યામાં જનમેદની ઉમટી પડી હતી.

આ પ્રસંગે પ્રદેશ યુથ કોંગ્રેસના ઉપાધ્યક્ષ ભરત સિંહજી વાઘેલા,કોંગ્રેસના જિલ્લા ઉપપ્રમુખ બી.કે.જોષી,

અનુસંધાન પાના નં.૨

## પાલનપુર વિધાનસભા બેઠકમાં ઈત્તર સમાજનું પ્રભુત્વ

### ઠાકોર, મુસ્લિમ, દલિત અને પટેલ સમાજના મતો નિર્ણાયક

ડીસા

બનાસકાંઠા જિલ્લાના પાટનગર પાલનપુર વિધાનસભા બેઠક ઉપર ઈત્તર સમાજનું પ્રભુત્વ રહેલું છે. પરંતુ ચૂંટણીના પરિણામમાં ઠાકોર, મુસ્લિમ, દલિત અને પટેલ (ચૌધરી) સમાજના મત નિર્ણાયક પુરવાર થાય છે. સમગ્ર જિલ્લાની આઠ બેઠક ઉપર જાતિવાદીનું જોર છે. પરંતુ એકમાત્ર પાલનપુર બેઠક ઉપર સર્વસંમત ઈત્તર સમાજનો ઉમેદવાર ચૂંટાઈ શકે છે. ભુતકાળમાં ભાજપના લેખરાજ બચાણી, કાન્તિભાઈ કચોરીયા અને ગોવિંદભાઈ પ્રજાપતિ તેનું ઉદાહરણ છે. ગત વિધાનસભા ૨૦૧૨ ની વાત કરીએ તો ભાજપે ગોવિંદભાઈ પ્રજાપતિને 'રીપીટ' કર્યા હતા. જ્યારે કોંગ્રેસે મહેશભાઈ પટેલને ટીકીટ ફાળવી હતી. તેમની સાથે અન્ય ૧૨ ઉમેદવારોએ પણ નસીબ અજમાવ્યું હતું. જો કે ભાજપને ૬૯૧૮૩ અને કોંગ્રેસનો ૭૫૦૯૭ મત મળ્યા હતા. જેથી કોંગ્રેસનો ૫૨૮૪ મતે વિજય થયો હતો. આ વખતે ભાજપે ઈત્તર સમાજનું 'માસ્ટર કાર્ડ' ખેલી લાલજીભાઈ પ્રજાપતિને ટીકીટ ફાળવી છે જ્યારે કોંગ્રેસે પોતાના વર્તમાન ધારાસભ્યને 'રીપીટ' કર્યા છે. જેમને ગત ટર્મમાં ભાજપની જેમ 'એન્ટી ઈન્કમવન્સી' નો સામનો કરવો પડી રહ્યો છે. એ સિવાય અન્ય ૧૨ ઉમેદવારોએ પણ ચૂંટણીમાં ઝંપલાવતા યોગાનુયોગ ગત ટર્મની જેમ ૧૪ ઉમેદવારો વચ્ચે જંગ ખેલાઈ રહ્યો છે. તેથી પરિણામને લઈ ઉત્સુકતા છવાઈ છે.

#### મતદારોનું વર્ગીકરણ

| | |
|---|---|
| ચૌધરી-૨૧,૦૦૦ | પાલવી દરબાર-૮૦૦૦ |
| બ્રાહ્મણ-૧૩,૦૦૦ | સિન્ધી-૪૦૦૦ |
| ઠાકોર-૨૬,૦૦૦ | ઠક્કર-૧૫૦૦ |
| મુસ્લિમ-૨૯,૯૬૦ | મહેશ્વરી-૧૭૦૦ |
| દલિત-૨૯,૯૦૦ | સોની-૧૯૦૦ |
| આદિવાસી-૫૫૦૦ | ખત્રી-૯૫૦ |
| પ્રજાપતિ-૧૨,૦૦૦ | બારોટ-૧૮૦૦ |
| રબારી-૬૩૦૦ | યોગી રાવળ-૧૮૦૦ |
| મોદી-૪૮૦૦ | ગુપ્તા-૮૦૦ |
| ગોસ્વામી-૧૮૦૦ | ગઢવી-૧૫૦૦ |
| દરજી-૩૨૦૦ | સુથાર-૩૦૦૦ |
| નાઈ-૩૬૦૦ | દેવીપુજક-૫૪૦૦ |
| પંચાલ-૨૦૦૦ | મોચી-૨૦૦૦ |
| પટેલ-૨૫,૫૦૦ | વણઝારા-ઓડ-૧૬૦૦ |
| રાજપુત-૮૦૦૦ | અગ્રવાલ-૩૧૦ |
| માળી-૬૩૦૦ | બાવરી-૩૮૫ |
| જૈન-૧૯૦૦ | અન્ય-૧૨,૪૬૪ |

કુલ-૨,૪૯,૮૬૯

## થરાદના કોંગ્રેસ ઉમેદવાર ડી.ડી. રાજપુતને રબારી સમાજનું સમર્થન

### કોંગ્રેસ ઉમેદવારને ગામે ગામથી આવકાર

પ્રતિનિધિ થરાદ

થરાદ બેઠકના કોંગ્રેસ ઉમેદવાર ડી.ડી.રાજપુતને ગામેગામથી લોક આવકાર સાંપડી રહ્યો છે. ગઈકાલે રબારી સમાજથી મળેલ બેઠકમાં ઉપસ્થિત તમામે ડી.ડી.રાજપુતને ટેકો જાહેર કર્યો હતો. થરાદ વિધાનસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર અને અદના લોકસેવક ડી.ડી. રાજપુતની તમામ સમાજોની પડખે રહેવાના તેમજ તેમના પ્રશ્નોના નિરાકરણ માટે હંમેશા સક્રીય રહેવાના સ્વભાવને લઈ તેમની સમગ્ર પંથકમાં સારી એવી લોકચાહના છે. તેમના લોકસંપર્ક દરમિયાન દરેક




ગામમાંથી તેમને સ્વયંભુ સમર્થન સાંપડી રહ્યું છે ત્યારે ગઈકાલે થરાદ તાલુકા કોંગ્રેસ દ્વારા રબારી સમાજનું વિશાળ સંમેલન યોજાયું હતું. જેમાં ડીસા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર ગોવાભાઈ રબારી, રાણીવાડા (રાજ.) ના પૂર્વ ધારાસભ્ય રતનશીભાઈ દેવાશી, સાગરભાઈ રાયકા, ઠાકોરશીભાઈ રબારી, પૂર્વ ધારાસભ્ય હેમાભાઈ રાજપુત, આંબાભાઈ સોલંકી (થરાદ તાલુકા કોંગ્રેસ પ્રમુખ)ની ઉપસ્થિતિમાં સમર્થન આપી કોંગ્રેસને જંગી બહુમતીથી જીતાડવા હાકલ કરી હતી.

કોંગ્રેસ ઉમેદવાર ડી.ડી. રાજપુતની ઉપસ્થિતીમાં દાતીયા ગામે જાહેર સભા યોજાઈ હતી જેમાં ગ્રામજનોએ તેમને સમર્થન આપ્યું હતું

## દાંતા બેઠકના કોગ્રેંસ ધારાસભ્યનો પ્રચાર વેગવંતો



પ્રતિ. દાંતા

દાંતા મત વિસ્તારના કોંગ્રેસના લોકલાડીલા ધારાસભ્ય અને ઉમેદવાર કાન્તિભાઈ ખરાડીએ તેમની ટર્મ દરમિયાન તાલુકાના વિકાસ માટે તેમજ તાલુકાના લોકોના અનેક કામો કરેલા હોઈ તેમને આ વિધાનસભા ચૂંટણીમાં તેમના લોકસંપર્ક પ્રવાસમાં ચોમેર વ્યાપક આવકાર સાંપડ્યો છે.આજે તેઓએ જીતપુર ગામથી શરૂ કરી માંડલીયારા, વિજલાસણ, જોરાપુરા, ઘંટોડી, સોળસંડા, કોયલાપુર, નવાણીયા, સેકડા, લોટોલ, વિરપુર, ટેકરી, વેકરી,કુકડી, માંકડી, સેબલ, નવાનું પાદર, થલવાડા, સાંઢોસી, મગવાસ, ઉદાવાસ, જામરૂ, જોધસર, રાણીઉંબરી, ભાણપુર, મંડાલી, ધાગડીયા અને માંકડચંપા ગામોમાં લોકસંપર્ક કરી સર્વે સમાજના આગેવાનો અને મતદારોને કોંગ્રેસની તરફેણમાં મતદાન કરવા અપીલ કરી હતી.

અનુસંધાન પાના નં.૨

૧૩ ડીસા વિધાનસભા કોંગ્રેસના ઉમેદવાર શ્રી ગોવાભાઇ હમીરાભાઇ રબારી ને પંજાના નિશાન ઉપર બટન દબાવી જંગી બહુમતીથી વિજયી બનાવશો.

કોંગ્રેસ આવે છે
નવસર્જન લાવે છે

| અ.નું. | ઉમેદવારનું નામ | નિશાન | બટન |
|---|---|---|---|
| ૧ | શ્રી ગોવાભાઇ હમીરાભાઇ રબારી | | |

ડીસા તાલુકા કોંગ્રેસ ચૂંટણી પ્રચાર સમિતિ



દાંતા વિધાનસભા ચૂંટણી - ૨૦૧૭ ના કોંગ્રેસ પક્ષના લોકપ્રિય ઉમેદવાર

કોંગ્રેસ આવે છે
નવસર્જન લાવે છે

| અ.નું. | ઉમેદવારનું નામ | નિશાન | બટન |
|---|---|---|---|
| ૧ | કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી | | |

આપનો કિંમતી મત આપી વિજયી બનાવશો.

દાંતા તાલુકા કોંગ્રેસ ચૂંટણી પ્રચાર સમિતિ

